Appendix-1

# પરિશિષ્ટ - ૧

## રશિયન સ્વરૂપવાદ અને પ્રાગ સંપ્રદાય

આધુનિક સમયમાં કાવ્યની ભાષા અંગે થયેલી વિચારણાઓનાં મૂળ રશિયન સ્વરૂપવાદ ( Russian Formalism ) અને પ્રાગ સંપ્રદાય (Prague School )ની પ્રવૃત્તિઓમાં છે. રશિયન સ્વરૂપવાદ વીસમી સદીની મહત્વની ભાષાવૈજ્ઞાનિક અને સાહિત્યિક ચળવળ છે. તેના પાયામાં મુખ્ય બે જુથોનો ફાળો રહ્યો છે: (૧) મોસ્કો ભાષાવૈજ્ઞાનિક વર્તુળ (૧૯૧૫) (Moscow Linguistic Circle ( 1915) ) અને (૨) ઓપેયાઝ (૧૯૧૬) (Opayas (1916) ). એના અગ્રગણ્ય વિચારકો વિક્ટર શ્લોવ્સ્કી, વ્લાદિમીર પ્રોપ, યાકોબ્સન વગેરે હતા, જે સ્વરૂપવાદીઓ ( Formalists ) તરીકે જાણીતા બન્યા. આ વિચારકો સોસૂરના ભાષાના બંધારણ અંગેના વિચારો અને પ્રતીકવાદી ચળવળની સૌન્દર્યશાસ્ત્રીય વિચારણાથી અભિભૂત થયેલા હતા. કાવ્યાત્મક અને અકાવ્યાત્મક ભાષા વચ્ચેના આંતરિક ઔપચારિક તફાવત અંગેના તેમના વિચારો સુખ્યાત છે. તેમણે અસાહિત્યિક અને સાહિત્યિક ભાષાની અને એમાં પણ વિશિષ્ટ રીતે રોજિંદા પ્રત્યાયનનાં સ્વયંપ્રવર્તનનાં વલણો ( Automatizing Tendencies )ની વિચારણા માટે 'સ્વયંપ્રવર્તન' ('Automatization') અને 'નિસ્વયંપ્રવર્તન' ('Deautomatization' ) જેવા પારિભાષિક શબ્દો ઉપયોગમાં લીધા છે.

આ વિદ્વાનોના મત મુજબ નિસ્વયંપ્રવર્તન એ એક એવી પ્રયુક્તિ છે જેના દ્વારા કવિ કવિતામાં સભાનપણે ઉચ્ચારણો કરે છે અને વાચકનું ભાષિક માધ્યમ તરફ ધ્યાન ખેંચાય છે. શ્લોવ્સ્કી આ નિસ્વયંપ્રવર્તનની ઉત્તેજક પ્રયુક્તિઓની સળંગ શૃંખલાના ઉપયોગને કલાનું લક્ષણ ગણાવે છે. આ પ્રયુક્તિઓની શૃંખલાનો ઉપયોગ જ સંવેદનને ટેવવિમુક્ત પ્રતિભાવ ( De-habitualized response) મેળવવા માટે સક્ષમ બનાવે છે. આ જ કારણસર શ્લોવ્સ્કી કલાપ્રયુક્તિ તરીકે પદાર્થને અપરિચિત ( Unfamiliar ) બનાવવો, તેના સ્વરૂપ ( Form )ને વધુ સુદુગ્રાહ્ય કે મુશ્કેલ બનાવવું, સંવેદનને બૃહત્પરિમાણી અને વધુ સઘન બનાવવું વગેરે જેવી પ્રયુક્તિઓનું સમર્થન કરે છે. વસ્તુના સંવેદનને જેવું અવગત કર્યું હોય તેવું જ, એ વસ્તુને તેના મૂળ સંદર્ભમાંથી બહાર કાઢીને વ્યક્ત કરવાની પ્રક્રિયાવાળા હેતુને તે કલાહેતુ ગણે છે.

નિસ્વયંપ્રવર્તન (De-Automatization ) માટે આ ભાષાવૈજ્ઞાનિકો વિપરિચાયન (De-Familiarization ) સંજ્ઞા પણ ઉપયોગમાં લે છે. તેમના મતે સાહિત્યકૃતિમાં પશ્ચાદ્ભૂ (Backgrounding) અને અગ્રભૂ (Foregrounding)ના સંદર્ભે સંરચના યોજાય છે. કૃતિની આવી સંરચનામાં કોઇ એક ઘટક ગૌણ બનીને લુપ્ત થાય છે ને બીજું ઘટક એના વર્ચસ્વી કે પ્રભાવી ( dominant ) રૂપે આલેખાય છે. આ પ્રભાવી ( dominant ) તત્ત્વ કૃતિમાંના બીજાં ઘટકોનું નિયમન અને રૂપાંતર કરે છે, તો મુકારોવ્સ્કીના મતે આ પ્રભાવી તત્ત્વ ( dominant ) દ્વારા જ કૃતિની અખણ્ડિતતાનું નિર્માણ થાય છે.

૧૯૩૨માં આમ્સ્ટર્ડમમાં યોજાયેલ આંતરરાષ્ટ્રીય ધ્વનિવૈજ્ઞાનિક પરિસંવાદમાં ઝેકોસ્લોવાકિયાની રાજધાની પ્રાગના ભાષાવિદોના સંપ્રદાય માટે આયોજકો દ્વારા 'પ્રાગસ્કુલ' (L'Ecole de Prague ) નામનો પ્રયોગ કરવામાં આવ્યો. આ સંપ્રદાયના સંસ્થાપક ભાષાવિજ્ઞાનવેત્તા મૈથેસિયસ હતા.

સમય જતાં આ સંપ્રદાયમાંથી પ્રેરણા મેળવીને Moscow Linguistic Circle અને Opayas (Society for the Study of Poetic Languages )ની મદદ વડે યાકોબ્સન જેવા ભાષાવૈજ્ઞાનિકોએ ભેગા મળી બનાવેલ મંડળ 'Cercle Linguistique de Prague-Prague Linguistic Circle' તરીકે ખ્યાતનામ બન્યું. રશિયન સ્વરૂપવાદ જેવી જ વીસમી સદીની અગત્યની ભાષાવૈજ્ઞાનિક અને સાહિત્યિક ચળવળ Prague Linguistic Circle ના પ્રણેતાઓમાં મૈથેસિયસ, મુકારોવ્સ્કી, રોમન યાકોબ્સન, ત્રુબેત્સ્કોય અને હાવ્રાનેક મુખ્ય હતા.

પ્રાગ સંપ્રદાય તરીકે પણ જાણીતા થયેલા આ સંપ્રદાયના પ્રથમ અધ્યક્ષ મૈથેસિયસે ભાષાના ભિન્ન ભિન્ન પ્રત્યેક સ્તરે (ધ્વનિ, શબ્દ, વાક્ય વગેરે) પ્રાપ્ત વ્યવસ્થાઓની સર્વગ્રાહી વ્યવસ્થા તરીકે ભાષાની સ્થાપના કરી. ભાષાના અધ્યયનને ગતિશીલ ( Dynamic ) અધ્યયન માનીને તેમણે ભાષાના વિભિન્ન કાર્યો અનુસાર ભાષાનું વિશ્લેષણ કરવા માટે અને કાર્ય અનુસાર ભાષાની સંરચના કેવી રીતે બદલાય છે તે શોધવા માટે પ્રયત્નો કર્યા. કાવ્ય-ભાષા વિશે વાત કરતાં મુકારોવ્સ્કી કાવ્યભાષાને સામાન્ય ભાષા કરતાં અલગ માને છે. તેના મતે કાવ્યભાષા સામાન્ય ભાષાથી વિચલિત થાય છે, એની સામાન્યતા તથા યાંત્રિકતાની રૂઢિ તોડે છે અને અસામાન્ય બને છે. એની આ અસામાન્યતા જ કાવ્યભાષા તરફ ભાવકનું ધ્યાન કેન્દ્રિત કરી એની-ભાવકની-સૌંદર્યાનુભૂતિને જાગૃત કરે છે. તો હાવ્રાનેક કાવ્યભાષાના શિષ્ટભાષા તથા સાહિત્યિક રૂઢિઓ સાથેના ક્રિયાશીલ અને સર્જનાત્મક સંબંધને કાવ્યભાષાની વિશિષ્ટતા ગણાવે છે. સોસૂરના બંધારણવાદ ( Structuralism )થી

પ્રભાવિત આ સંપ્રદાયનું ધ્વનિવિજ્ઞાન ( Phonetics ), ધ્વનિતંત્રવિજ્ઞાન ( Phonology ) અને અર્થવિજ્ઞાન ( Semantics )ના ક્ષેત્રમાં મહત્ત્વનું પ્રદાન છે.

મુકારોવ્સ્કીની વિચારણા મુજબ કાવ્યબાનીમાં ભાષાકર્મને સંલક્ષિત કરવા માટે નવીકરણ ( Foregrounding) અભિવ્યક્તિના હેતુ તરીકે પ્રત્યાયનને પશ્ચાદ્ભૂમાં ધકેલે છે. કાવ્યમાં વિચલન અને સમાંતરતા (Parallelism )ના મહત્ત્વ અંગે ચર્ચા કરતાં મુકારોવ્સ્કી અને યાકોબ્સન તેમને ( Deviation અને Parallelism ને) કાવ્યબાનીના, તેને સામાન્ય ભાષાથી ભિન્ન બનાવતા વિશિષ્ટ ગુણધર્મો તરીકે ઓળખાવે છે. તેમના મતે સાહિત્યિકભાષા નવીકરણ દ્વારા ભાવકનું ધ્યાન પોતાનાં સંરચનાગત કૌશલ્યો તરફ દોરે છે. આ બન્ને વિદ્વાનોની વિચારણામાં અર્થ કરતાં માધ્યમ વધુ મહત્ત્વનું બની રહે છે.

પહેલા પ્રકરણમાં આવરી લેવાયેલી સૈદ્ધાન્તિક ચર્ચાની સાથે રશિયન સ્વરૂપવાદ અને પ્રાગ સંપ્રદાયનો સંબંધ હોવાને કારણે એને વિશેની આ સંક્ષિપ્ત નોંધને અહીં પરિશિષ્ટ રૂપે મૂકી છે.